My Amdavad

વરસાદી પાણીનો સંગ્રહ અને રિસાઇકલ કરી તેને પીવા લાયક બનાવવામાં આવે છે

# IITGn કેમ્પસમાં 14.13 લાખ લિટર પાણી સમાવી શકાય માટે 4 જલમંડપ તૈયાર કરાયા



**જુલાઈમાં પડેલ વરસાદથી 4 દિવસનું પાણી કેમ્પસને મળ્યું, જો કે આ ટેન્કના પાણીની મદદથી 40 દિવસ સુધી સર્વાઇવ કરી શકાય છે**



આજે ચારોતરફ પાણીની મોકાણ સર્જાઈ છે પાણીનું સ્તર નીચે જતાં લોકો પાણી માટે વલખાં મારી રહ્યાં છે. ત્યારે બીજી બાજુ તંત્ર દ્વારા પાણીનો વપરાશ ઘટાડવા વોટર મીટર પણ ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે જેથી પાણીનો વપરાશ લોકો સમજીને કરે. પાણી બચાવવા એક તુરંપ તંત્ર કામે લાગ્યું છે તો બીજી તરફ આઈ.આઈ.ટી.ગાંધીનગર દ્વારા રેન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ કેમ્પસમાં વિકસાવવામાં આવેલ છે. જેનાથી સમગ્ર વરસાદની સિઝન દરમિયાન પડેલ પાણી વેસ્ટ થવાને બદલે કેમ્પસમાં બનાવવામાં આવેલ જલ મંડપમાં પડે અને એ ટેન્કનું પાણી રિસાઈકલ કરી તેને પીવા લાયક બનાવવામાં આવે છે. અમદાવાદ ગાંધીનગરમાં પડેલ સરેરાશ વરસાદને કારણે આઈ.આઈ.ટી. ગંધીનગર કેમ્પસને ચાર દિવસનું પાણી મળી રહ્યું હતું.



## 2,000 લોકો માટે દરરોજ 5 લાખ લિટર વોટરની જરૂર પડે છે

કેમ્પસમાં ચાર વોટર ટેન્ક બનાવવામાં આવેલ છે જેને જલમંડપ તરીકે ઓળખવામાં આવે છે. વાવનાં કન્સેપ્ટ પરથી ઇન્સ્પિરેશન મેળવી બનાવવામાં આવેલ જલમંડપ રૂફટોપ પરનું પાણી જલમંડપમાં સમાવી તેને કન્ઝર્વ કરી, રિસાઇકલ કરી પીવા લાયક બનાવે છે. આ વખતના વરસાદ દરમિયાન ૧૪.૫ લાખ લિટર પાણીને હાર્વેસ્ટ કરી તેને કેમ્પસમાં સપ્લાય કરવામાં આવેલ છે. આઇ.આઇ.ટી. ગાંધીનગર કેમ્પસ ૨,૦૦૦ લોકો માટે દરરોજ પાંચ લાખ લિટર વોટરની જરૂર પડે છે.

## જલમંડપની આસપાસ ગ્રીનરી અને સ્ટુડન્ટ્સ માટે સીટિંગ અરેન્જમેન્ટ પણ કરાઈ

આઇ.આઈ.ટી. કેમ્પસ ૪૦૦ એકર જમીનમાં ફેલાયેલું છે જેમાં ટોટલ ચાર જલ મંડપ બનાવવામાં આવેલ છે. જેમાંથી ત્રણ જલમંડપની સ્ટોરેજ કેપેસિટી ૧૪.૧૩ લાક લિટરની છે, જુલાઈ દરમિયાન પડેલ વરસાદથી ૧૪.૫ લાખ લિટર કલેક્ટ કરવામાં આવેલ છે. જો સિઝનમાં એવરેજ વરસાદ પડે તો ૪૦ દિવસ સુધીનું પાણી ટેન્કમાં ભરાઈ શકે અને એ પાણી સમાગ્ર કેમ્પસમાં ઉપયોગમાં લઈ શકાય એમ છે. કેમ્પસમાં બનાવવામાં આવેલ જલમંડપની આસપાસ ગ્રીનરી અને સીટિંગ અરેન્જમેન્ટ પણ કરવામાં આવી છે જેનાથી સ્ટુડન્ટ્સ ત્યાં આવી બેસી પણ શકે છે. - હરીશ પી.એમ., ડીન ફેકલ્ટી ડેવલપમેન્ટ



**Title:** Four Jal Mandaps prepared to hold 14.13 lakh liters of water in IITGN campus

**Source:** Sandesh (City Life, Pg. no. 1)

**Link:** http://sandeshepaper.in/m/165698/5b6e05f5865f4

**Date:** 11.08.2018